## (1) "આઠ મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો" અને ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંકના સંદર્ભે નીચેનામાંથી કયું(કયાં) વિધાન(નો) સાચું(ચાં) છે ?

(1) તાજેતરના આંકડાઓ મુજબ જુલાઈ, 2020માં આ આઠ મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગોના આઉટપુટ અંતર્ગત 9.6%નો ઘટાડો નોંધાયો હતો.

(2) ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંક અંતર્ગત 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો 40.27% ભાર (weight) ધરાવે છે.

(3) આ 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગોમાંથી કાચુ તેલ એ ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંક અંતર્ગત સૌથી વધુ ભાર ધરાવે છે.

(4) ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાકં દર 2 મહિને રજુ કરવામાં આવે છે.

(A) માત્ર (1) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં અર્થતંત્રના 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો સંદર્ભે સૂચકાંક આઉટપુટ ડેટા જાહેર કરવામાં આવ્યો હતો. જેના અંતર્ગત જુલાઈ 2020માં આ આઠ ઉદ્યોગોમાં 9.6%નો ઘટાડો નોંધવામાં આવ્યો હતો. છેલ્લા 5 મહિનાથી તેમાં ઘટાડો થઈ રહયો છે.

⇛ 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગમાં કોલસો, કાચું તેલ, કુદરતી ગેસ, રિફાઈનરી વસ્તુઓ, ખાતર, પોલાદ (સ્ટીલ), સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.

⇛ ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (Index of Industrial Production) અંતર્ગત આ 8 ઉદ્યોગો 40.27% ભાર (Weight) ધરાવે છે. જેના ભારનું વર્ગીકરણ નીચે મુજબ છે.

- રિફાઈનરી વસ્તુઓ 28.04, વીજળી 19.85, પોલાદ (સ્ટીલ) 17.92, કોલસો 10.33, કાચું તેલ (Crude Oil) 8.98, કુદરતી ગેસ 6.88, સિમેન્ટ 5.37, ખાતર 2.63

⇛ ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (Index of Industrial Production-IIP)

- IIP એ સૂચક છે જે આપેલ સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનોના જથ્થામાં થયેલા ફેરફારને માપે છે.
- IIP દર મહિને 'રાષ્ટ્રીય આંકડાકીય કચેરી' (National Statistical Office) દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.
- IIPનું આધાર વર્ષ 2011-12 છે.
- IIP અંતર્ગત 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો 40.27% ભાર ધરાવે છે.
- નાણા મંત્રાલય, RBI અને સરકારની અન્ય એજન્સીને નીતિ–વિષયક નિર્ણયો લેવામાં IIP મદદરૂપ બને છે.
- GDPના અનુમાન માટે પણ IIPમાં થયેલ ફેરફાર ઉપયોગી નિર્દેશક બને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) પ્રધાનમંત્રી જન-ધન યોજનાના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો છે ?

(1) હાલમાં ગ્રામીણ ક્ષેત્ર કરતા શહેરી ક્ષેત્રોમાં આ યોજના અંતર્ગતના ખાતાઓની સંખ્યા વધારે છે.
(2) યોજના અંતર્ગત પ્રત્યેક પરિવારને રૂ. 1 લાખની ઓવરડ્રાફ્ટની સુવિધા આપવામાં આવે છે.
(3) યોજના અનુસાર Rupay કાર્ડ બીમા યોજનાના માધ્યમથી 28 ઓગસ્ટ, 2018 પછીના ખાતાઓ પર આકસ્મિક વીમા માટે રૂ. 2 લાખની સહાયતા આપવામાં આવે છે.
(4) ખાતાધારક દ્વારા કરવામાં આવતી ચૂકવણીની ચૂક માટે યોજના અંતર્ગત "ક્રેડિટ ગેરેંટી ફંડ"ની સ્થાપના કરવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં પ્રધાનમંત્રી જનધન યોજના એ પોતાના 6 વર્ષ પૂર્ણ કર્યા હતા.

⇒ હાલમાં યોજના અંતર્ગત કુલ 40.35 કરોડ ખાતાઓ છે જેમાંથી ગ્રામીણ ક્ષેત્રમાં ગ્રામીણ ક્ષેત્રમાં ખાતાઓની સંખ્યાએ 63.6% છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ યોજના એ 6 સ્તંભો પર આધારિત છે જેના અંતર્ગત પ્રત્યેક પરિવારને રૂ. 10,000ની ઓવરડ્રાફટની સુવિધા આપવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ ખાતાધારક દ્વારા ચૂકવણીમાં થતી ચૂક પર બેંકો માટે "ક્રેડિટ ગેરેંટી ફંડ"ની પણ સ્થાપના કરવામાં આવી છે.

⇒ 28 ઓગસ્ટ, 2018 પછી ખોલવામાં આવેલા ખાતાઓ માટે Rupay કાર્ડ પર મફત આકસ્મિક વીમા કરવાને રૂ. 1 લાખથી વધારીને રૂ. 2 લાખ કરવામાં આવ્યું છે.

⇒ નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ, અસંગઠિત ક્ષેત્ર માટે પેન્શન યોજના, બેંકિંગ સેવાઓની સર્વાત્રિક પહોંચ વગેરે એ આ યોજનાના મુખ્ય સ્તંભો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરની જોગવાઈ એ ભારતીય બંધારણના ભાગ-2 "નાગરિકતા" અંતર્ગત કરવામાં આવી છે.
(2) નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર એ દેશના સામાન્ય નિવાસીઓની સૂચિ છે.
(3) એવી વ્યકિત કે જે ઓછામાં ઓછા છેલ્લા 1 વર્ષથી કોઈ સ્થાનીય ક્ષેત્રમાં રહેતા હોય અથવા આવનારા 1 વર્ષ સુધી કે તેથી વધુ કોઈ વિશેષ સ્થાન પર રહેવાની ઈચ્છા ધરાવતો હોય તે સામાન્ય નિવાસી તરીકે ઓળખાય છે.
(4) નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર નાગરિકતાનું પ્રમાણપત્ર નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ વર્ષ 2020માં નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરને અપડેટ કરવાની યોજના હતી પરંતુ COVID-19ના કારણે તેને સ્થગિત કરવામાં આવેલ છે.

⇛ નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર એ "દેશના સામાન્ય નિવાસીઓની એક સૂચિ છે.

⇛ તેને નાગરિકતા અધિનિયમ, 1955 અને નાગરિકતા (નાગરિકોની નોંધણી અને રાષ્ટ્રીય ઓળખ પત્ર જાહેર કરવા) નિયમ, 2003ની જોગવાઈ અનુસાર સ્થાનીય, ઉપ–જિલ્લા, જિલલા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર પર તૈયાર કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ગૃહ મંત્રાલય અનુસાર "દેશના સામાન્ય નિવાસી" એટલે કે, "એવી વ્યકિત, જે ઓછામાં ઓછા છેલ્લા 6 મહિનાથી કોઈ સ્થાનીય ક્ષેત્રમાં રહેતો હોય અથવા આવનારા 6 મહિના કે તેથી વધુના સમય માટે કોઈ વિશેષ સ્થાન પર રહેવાની ઈચ્છા ધરાવતો હોય." (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરમાં નોંધણી કરાવવી એ ભારતના પ્રત્યેક "સામાન્ય નિવાસી" માટે અનિવાર્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ''પોષણ અભિયાન''ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) અભિયાન અંતર્ગત સ્ટટિંગ અને જન્મ સમયે વજનમાં 2022 સુધીમાં પ્રત્યેક વર્ષ 2% ઘટાડો કરવાનો લક્ષ્ય છે.

(2) યુવા બાળકો, કિશોરો અને મહિલાઓમાં એનિમિયામાં પ્રત્યેક વર્ષ 3%નો ઘટાડો કરવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે.

(3) પોષણ અભિયાનનું અમલીકરણ એ ''સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ'' મંત્રાલય દ્વારા કરવામાં આવી રહયું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ દર વર્ષે ''સપ્ટેમ્બર'' માસને ''પોષણ માસ''ના રૂપમાં મનાવવામાં આવે છે.

⇛ વર્ષ 2018માં 8 માર્ચના રોજ ભારત સરકાર દ્વારા ''પોષણ અભિયાન'' લોન્ચ કરવામાં આવ્યું હતું.

⇛ આ અભિયાન અંતર્ગત વર્ષ 2022 સુધીમાં સ્ટટિંગ અને જન્મના સમયે ઓછા વજનમાં પ્રત્યેક વર્ષે 2%નો ઘટાડો કરવાનો લક્ષ્ય રાખવામાં આવેલ છે. આ ઉપરાંત કિશોરો અને મહિલાઓમાં એનિમિયાના પ્રમાણમાં વર્ષ 2022 સુધીમાં પ્રતયેક વર્ષે 3%નો ઘટાડો કરવાનો લક્ષ્ય રાખવામાં આવેલ છે.

⇛ પોષણ અભિયાનનું અમલીકરણ એ ''મહિલા અને બાળ વિકાસ મંત્રાલય'' દ્વારા કરવામાં આવી રહયું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) રાષ્ટ્રીય ખેલ પુરસ્કારોના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) રાજીવ ગાંધી ખેલ રત્ન પરુસ્કાર એ ખેલાડી દ્વારા છેલ્લા 4 વર્ષોના સમયમાં રમતમાં કરવામાં આવેલા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે આપવામાં આવે છે.
(2) દ્રોણાચાર્ય પુરસ્કાર એ આંતરરાષ્ટ્રીય રમત આયોજનમાં પદક વિજેતા ખેલાડી અને કોચ બંનેને આપવામાં આવે છે.
(3) ધ્યાનચંદ પુરસ્કાર રમત વિકાસ માટે લાઈફ ટાઈમ યોગદાન માટે આપવામાં આવે છે.
(4) રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર એ કોર્પોરેટ સંસ્થાઓ અને વ્યકિતઓને આપવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)    (B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)    (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ રાષ્ટ્રીય ખેલ પુરસ્કારો અંતર્ગત વિવિધ પુરસ્કારો એ રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવતા હોય છે. જેની યાદી નીચે મુજબ છે :

- રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર એ ખેલાડી દ્વારા 4 વર્ષોના સમયમાં રમત અંતર્ગત કરવામાં આવેલા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે આપવામાં આવે છે.
- અર્જુન પુરસ્કાર એ 4 વર્ષોમાં નિરંતર કરવામાં આવેલા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે આપવામાં આવે છે.
- દ્રોણાચાર્ય પુરસ્કાર એ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમત આયોજનોમાં પદક વિજેતા કોચને આપવામાં આવે છે.
- ધ્યાનચંદ પુરસ્કાર એ રમત વિકાસ માટે લાઈફ ટાઈમ યોગદાન આપનારને આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર એ કોર્પોરેટ સંસ્થાઓ (ખાનગી અને જાહેર ક્ષેત્રમાં) અને વ્યકિતઓને આપવામાં આવે છે જેમણે રમતે પ્રોત્સાહન આપવા અને વિકાસના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હોય.
- ઈન્ટર–યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ટોચનું પ્રદર્શન કરતી યુનિવર્સિટીને મૌલાના અબ્દુલ કલામ આઝાદ ટોફી આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT